*Press Clipping*

**The Resource Centre**

| | | |
|---|---|---|
| Publication | : | The Economic Times(Gujarati) |
| Date | : | Thursday, July 02, 2009 |
| Edition | : | Mumbai |
| Page | : | 12 |


# ગ્રીતાંજલી ગ્રૂપ મોબાઇલNXTનો 70% હિસ્સો ખરીદશે


પ્રમુગ્ધા મામગેઇન । વિવેક સિંહા


નવી દિલ્હી

જ્વેલરીનું ઉત્પાદન અને નિકાસ કરતું ગીતાંજલી ગ્રૂપ મોબાઈલ હેન્ડસેટ્સ રિટેલ ચેઈન મોબાઈલએનએક્સટી ટેલિસર્વિસિસનો ૭૦ ટકા હિસ્સો ખરીદશે. આ સોદો ગીતાંજલી ગ્રૂપની સંપૂર્ણ માલિકીની કંપની ગીતાંજલી લાઈફસ્ટાઈલ મારફત કરવામાં આવશે, એમ આ ગતિવિધિથી માહિતગાર બે વ્યક્તિએ જણાવ્યું હતું.

જ્વેલરી, લક્ઝરી વોચ, પર્ફ્યુમ અને લેધર એસેસરીનું રિટેલ વેચાણ કરતી ગીતાંજલી લાઈફસ્ટાઈલ મોબાઈલએનએક્સટી ટેલિસર્વિસિસના હાલના તમામ શેરહોલ્ડર્સ પાસેથી ઈક્વિટી ખરીદશે. જો સોદા સફળ થશે તો ત્રણ વર્ષ જૂની આ રિટેલ ચેઈનનું મૂલ્ય આશરે રૂ. ૬૦ કરોડ આંકવામાં આવે તેવી ધારણા છે.

"મોબાઈલએનએક્સટી ટેલિસર્વિસિસના પ્રમોટરર્સ અને કંપનીમાં આશરે એક તૃતીયાંશ શેર ધરાતું મિડિયા ગ્રૂપ આ સોદાના ભાગરૂપે સમપ્રમાણમાં તેમના હિસ્સાનું વેચાણ કરશે." એમ સોદાથી માહિતગાર એક વ્યક્તિએ જણાવ્યું હતું. બે ઉદ્યોગસાહસિકો વિજય મેનન અને રોમી જુનેજાએ મુંબઈ ખાતેની ઈન્વેસ્ટમેન્ટ બેન્ક એવેન્ડસ એડ્વાઈઝર્સ પાસેથી પ્રારંભિક મૂડી અને કેટલાંક હાઈ નેટવર્થ ઈન્ડિવિડ્યુઅલ (એચએનઆઈ)ના નાણાકીય સમર્થન સાથે ૨૦૦૬માં મોબાઈલએનએક્સટીની સ્થાપના કરી હતી. સ્ટેન્ડ એલોન આઉટલેટ ઉપરાંત મોબાઈલએનએક્સટી શોપ-ઈન-શોપ સ્ટોર્સ માટે ડિપાર્ટમેન્ટલ ચેઈન શોપર્સ સ્ટોપ સાથે જોડાણ ધરાવે છે. ૨૦૦૮-'૦૯માં રૂ. ૩૦ કરોડની આવક નોંધાવનારી મોબાઈલએનએક્સટી ટેલિસર્વિસિસે આગામી બે વર્ષમાં તેના આઉટલેટની સંખ્યાને હાલના ૩૦થી વધારીને ૧૦૦ કરવાની યોજના બનાવી છે.

# Press Clipping

The Resource Centre


Publication : Navabharat Times

Date : Thursday, July 02, 2009

Edition : Mumbai

Page : 10


# मोबाइल नेक्स्ट में हिस्सा खरीदेगा गीतांजलि समूह

प्रमुग्धा ममगाईं / विवेक सिन्हा

**नई दिल्ली।** आभूषण निर्माता और निर्यातक गीतांजलि समूह बंगलुरु में मुख्यालय रखने वाली मोबाइल हैंडसेट रीटेल चेन मोबाइल नेक्स्ट टेलीसर्विसेज में 70 फीसदी हिस्सेदारी खरीद रही है। घटनाक्रम की जानकारी रखने वाले दो लोगों ने बताया कि यह सौदा गीतांजलि लाइफस्टाइल के जरिए होगा, जो गीतांजलि समूह की सब्सिडियरी कंपनी है। ज्वैलरी, लग्जरी घड़ियां, परफ्यूम, लेदर एक्सेसरीज के रीटेल कारोबार में लगा गीतांजलि समूह मोबाइल नेक्स्ट टेलीसर्विसेज के सभी मौजूदा शेयरधारकों से इक्विटी खरीदेगा।



अगर सौदा का कामयाब रहा तो तीन साल पुरानी रीटेल चेन का वैल्यूएशन 60 करोड़ रुपए होगा। सौदे की जानकारी रखने वाले शख्स ने बताया, 'मोबाइल नेक्स्ट टेलीसर्विसेज के प्रमोटर, कंपनी के करीब एक-तिहाई शेयर रखने वाला एक मीडिया समूह सौदे के तहत हिस्सेदारी बेचेगा।' ईटी के संपर्क करने पर मोबाइल नेक्स्ट के प्रवक्ता और गीतांजलि समूह के चेयरमैन मेहुल चोकसी ने टिप्पणी करने से इनकार कर दिया।